અપીલ અરજી નં.૧૮૨ તા.૨૨–૯–૦૮

અરજદારઃ શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી (જાહેર બાગ બગીચા ખાતુ)

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૨૭–૮–૦૮ ની અરજીથી શહેરની અંદર ઝાડ છાંટવાની ફરીયાદ કોઈપણ નાગરીક કરે તો તે ફરીયાદનો નિકાલ કેટલા સમયમાં થવો જોઈએ વિગેરે મુદ્દા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૮૨/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૧૪–૮–૦૮ ના સંદર્ભે આઈ ડી.નં.૫૬૭ તા.૨૭–૮–૦૮ ની અરજીથી શહેરની અંદર ઝાડ છાંટવાની ફરીયાદ કોઈપણ નાગરીક કરે તો તે ફરીયાદનો નિકાલ કેટલા સમયમાં થવો જોઈએ વિગેરે મુદ્દા અંગેની માહિતી આપવા બાબતે ગાર્ડન સુપ્રીન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી ગાર્ડનખાતાના પત્ર નં.પીપીજી/આ/૭૫૨ તા.૧૦–૯–૦૮થી આપેલ માહિતી ખોટી તેમજ સંતોષકારક ન હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૯–૦૮ ના રોજ પુનઃ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૭ તા.૨૫–૯–૦૮ થી ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની મુળ અરજીથી શહેરની અંદર ઝાડ છાંટવાની ફરીયાદ કોઈપણ નાગરીક કરે તો તે ફરીયાદનો નિકાલ કેટલા સમયમાં થવો જોઈએ વિગેરે મુદ્દા અંગેની રજુઆતનો જવાબ આપેલ છે. પરંતુ કામના નિકાલની સમય મર્યાદા બાબતે કોઈ માહિતી આપેલ નથી. જે સ્વયં જાહેર કરવા હેઠળ પણ આવેલ તથા સમય મર્યાદામાં નિકાલ ન થાય તો જવાબદારો સામે પગલાની માહિતી પૂરી પાડેલ નથી તેવા સરખા વિષય બાબતે પુનઃ અપીલ કરેલ છે. અરજદારે પ્રસ્તુત અપીલમાં તા.૨૭–૮–૦૮ ના રોજ નમુના 'ક' માં અરજી રજુ કર્યાનું જણાવેલ છે. પરંતુ તેની કોઈ વિગતો કે નકલ સાથે બીડેલ નથી તેથી તેવી કોઈ નમુના 'ક' ની અરજી દફતરે હોવાનું સ્પષ્ટ થતું નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૪–૮–૦૮ ની અરજી સંદર્ભે તા.૨૭–૮–૦૮ ના રોજ કરેલ અપીલ અરજી અને ત્યાર બાદ તા.૨૨–૯–૦૮ ના રોજ કરેલ પુનઃ અપીલ અરજી બાબતે અગાઉ કરેલ હુકમ નં.આરટીઆઈ સેલ/ ૬૪૮ તા.૧૩–૧૦–૦૮ મુજબ માંગ્યા મુજબની માહિતી પૈકી નહીં પૂરી પાડેલ ઉપરોકત માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ છે જ તેથી સરખી બાબતની ફેર અપીલ બાબતે અત્રેથી કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી,(જાહેર બાગ બગીચા ખાતુ) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ.પટેલ,